TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE
Cure with Care

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

# ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૨ અંક : ૮ માર્ચ-૨૦૧૪



ડૉ. ડી. પી. ચિખલીયા

## તંત્રી સ્થાનેથી....

જયાં સુધી દેશમાં વિદ્યાદાનની કેળવણી ચારિત્રવાન શિક્ષકો મારફતે નહીં થાય, ત્યાં સુધી સમાજના નબળામાં નબળા વ્યકિત સુધી સારી કેળવણી ઉપલબ્ધ થઇ શકે તેવી સ્થિતિનું નિર્માણ થઇ શકવાનું નથી.જયાં સુધી ખરા અર્થમાં શિક્ષણની કેળવણીને માતૃભાષા દ્વારા આપવામાં નહીં આવે ત્યાં સુધી પ્રજાજીવનમાં ઉચ્ચ કેળવણી સાથેના સમાજનું નિર્માણ શકય નથી. આપણે પરભાષા મારફત શિક્ષણ આપી બાળકો અને જુવાનોના મન ઉપર ઉપર વિપરીત અસર થવાની પુરે પુરી સંભાવના રહેલી છે.

શિક્ષણ જે તે પ્રાદેશીક ભાષા દ્વારા શુધ્ધ રાષ્ટ્રીય ભાવનાથી સભર ઉચ્ચ કોટીનું હોવું જોઇએ. જયાં વિદ્યાર્થીને સ્વચ્છ હવાપાણી મળે, જયાં મકાન અને આસપાસની જમીન આરોગ્યનો પદાર્થપાઠ આપતી હોય, એવી જગ્યાએ શાળા હોવી જોઇએ. જેમાંથી હિંદુસ્તાનના મુખ્ય ધંધાનું અને મુખ્ય ધર્મોનું જ્ઞાન મળી શકે તેવી શિક્ષણ પદ્ધતિ હોવી જોઇએ.

રાષ્ટ્રીય ભાવનાસભર કેળવણી વગર બધું વ્યર્થ છે. સ્વરાજનો સાચો આનંદ રાષ્ટ્રીય શિક્ષણ વિના મળી શકવાનો નથી.

આજકાલ બાળકોને આપવામાં આવતા શિક્ષણમાં અંગ્રેજીને વિશેષ મહત્વ આપવામાં આવે છે. તે બાબત સ્વીકારવા લાયક છે, અપનાવા જેવુ છે, પણ તે ફકત વૈજ્ઞાનિક સંશોધનોના અભ્યાસ માટે, અન્ય દેશો સાથે વ્યપારીક સંબંધો વિકસાવવા માટે છે. આપણે તેમનો ઉપયોગ કરી શકીએ. પરંતુ આપણી મુળભુત સંસ્કૃતિને ભુલી, તેને કચડીને પાશ્ચાત્ય સંસ્કૃતિનું અનુકરણ કરી રહ્યા છીએ તે ભુલ ભરેલ છે.

અંગ્રેજી શિક્ષણના આંધળા અનુકરણ દ્વારા બાળકોને જુદી જ દુનિયાની કલ્પના કરાવવામાં આવે છે. આ શિક્ષણ બાળકોને સ્વકેન્દ્રી બનાવે છે અને સમાજ જીવન સાથે તાલ-મિલાવવામાં મુશ્કેલી સર્જે છે. ભારતીય સંસ્કૃતિ અનેક વિવિધતાઓથી ભરેલ છે. જે શિક્ષણની સાથે માનવતાના મુલ્યોનું સિંચન કરે છે સાથે સાચી કેળવણી આપે છે. જે કેળવણી વ્યકિતને મહા માનવ બનાવે છે. મહાત્મા ગાંધી, સ્વામી વિવેકાનંદે સાચી કેળવણી તરીકે તો રાષ્ટ્રભાષાને જ મહત્વ આપેલ છે.

આપણી સમસ્યા કેળવણીનો ખરો અર્થ સમજવાની ખામી છે. અત્યારના સમયમાં જેમ જમીન કે શેરના ભાવ તપાસીએ છીએ તેમ કેળવણીની કિંમત કરીએ છીએ. છોકરો વધારે કમાણી કરી શકે તેવી કેળવણી આપણે આપવા માંગીએ છીએ, તે બરાબર છે. પરંતુ કમાણી કર્યા પછી નૈતિકતાના મુલ્યોને જો આપણે બરાબર નહીં સમજીએ તો એ કમાણી વ્યકિતને અધઃપતનના માર્ગ લઇ જશે. સમાજજીવનની ભાવના, કુટુંબ ભાવના, રાષ્ટ્રીય ભાવનાની કેળવણી વગર છેવટે વ્યકિત થી વ્યકિત દુર જવા લાગશે. પતિ-પત્નિ, માતા-પિતા, ભાઇ-બહેન જેવા સંબંધો અવાર-નવાર તુટતા જોવા મળશે. જે સમાજ વ્યવસ્થાને વિચલિત કરી નાખશે.

આવા શિક્ષણથી પૈસા પેદા કરી શકાય એટલું જ જ્ઞાન માબાપને છે. અને તેઓ જાણે કે આટલી બાબતથી જ જાણે કે સંતુષ્ટ હોય તેવું જણાય છે. જો આવી પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહશે તો આપણે બધા પાશ્ચાત્ય સંસ્કૃતિથી રંગાઇને પરદેશી થઇ જશું. આપણા પૂર્વજોએ આપેલા સ્વરાજયના સાચા ફળ આપણે ભોગવી શકવાના નથી.

સાચી કેળવણીના પુજય ગાંધી બાપુએ આપેલા કેટલાક ઉપાયો યાદ કરવા જેવા અને અપનાવવા જેવા છે.

(૧) શિક્ષણ માતુભાષા દ્વારા અપાય. (૨) શિક્ષણ અને ગૃહસંસાર વચ્ચે પરસ્પર એકતા હોય. (૩) શિક્ષણ પ્રજાના મોટા ભાગની જરૂરિયાતો પુરી પાડે એવું હોવું જોઇએ. (૪) પ્રાથમિક શાળાના શિક્ષકો છેક પહેલા ધોરણથી જ સત્ય મેવ જયતે્ ની ભાવનાવાળા ચારિત્ર્યશીલ હોવા જોઇએ. (૫) શિક્ષણ મફત અપાવું જોઇએ (૬) શિક્ષણ પર જનતાનો પૂરેપૂરો અંકુંઇ હોવો જોઇએ. શિક્ષણ આપણી પોતાની માતૃભાષા દ્વારા જ અપાવું જોઇએ તે બાબત આપણે સિદ્ધ કરવી જ રહી.

આપણે અંગ્રેજી ભાષાના પ્રભાવથી જો અંજાઇ ન ગયા હોત તો આ સ્વયંસિદ્ધ વસ્તુમાં આપણેને કશું સિદ્ધ કરવાપણું જ ન હોત. અંગ્રેજી સાહિત્યનો ત્યાગ કરવાનું કોઇએ કહ્યું નથી. તે સાહિત્ય આપણે જુદી જુદી પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ કરવું જરૂરી છે. જે પ્રમાણે જાપાન, દક્ષિણ આફ્રિકા વગેરે દેશોમાં ચાલે છે તે પ્રમાણે આપણે કરવું જોઇએ. જાપાનમાં કેટલાકને ઉત્તમ જર્મની તો કેટલાકને ઉત્તમ ફ્રેંચ આ પ્રમાણે બહુમાન અપાય છે. બધા જર્મનો અંગ્રેજી શિખતા નથી. કેટલાક થોડા જ જર્મન લોકો અંગ્રેજી શીખી તેમાંથી નવી નવી વાતો જર્મન ભાષામાં ઉતારી પોતાની માતુભાષાની સેવા કરે છે. આપણે પણ આ પ્રમાણે કરવું જોઇએ.

TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૨ અંક : ૮ માર્ચ-૨૦૧૪

**મુદ્રક ● માલિક ● પ્રકાશક**
ડૉ. ડી. પી. ચિખલીયા
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧

**તંત્રી**
ડૉ. ડી. પી. ચિખલીયા

**સહતંત્રી**
ડૉ. રમેશ ભાંખર
ડૉ. પરાગ પટેલ ડૉ. શૈલેશ જાદવ
ડૉ. રૂપલ પટેલ ડૉ. નવીન કર્ણ
ડૉ. એમ. ડી. સાંગાણી

**સંપાદક મંડળ**
અમૃત પોંકીયા ડૉ.નિલેશ ચિખલીયા
ડૉ. અદિતિ દવે

**પ્રિન્ટર**
પાયોનિયર ઓફસેટ-જુનાગઢ
મો.૯૮૯૮૦ ૮૪૬૦૮

**'ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ' માસિક પત્ર દ્વારા અમારો ઉદેશ લોકોને રોગ તથા તેની સારવાર વિષે જાણકારી આપવાનો તથા સારવાર લેતી વખતે યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ થવાનો છે. અને લોકોને હેલ્થ વિષે જાગૃત કરવા માટે ઉપયોગી થવાનો છે.**

**સરનામું**
**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ કાર્યાલય**
ત્રિમૂર્તિ હોસ્પિટલ
નવા બસ સ્ટેન્ડ પાસે, જુનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૩૧૭૩૧,
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧
www.trimurtihospitals.in,
E-mail : trimurtihospitals@gmail.com

# Bloody Serious



Dr. Parag Patel

મળમાં લોહીનું દેખાવું એ દર્દી માટે ઘણો જ બિહામણો અનુભવ છે. પણ સાથે સાથે એ એક ચેતવણી પણ છે. લોહી હોવાનો મતલબ છે કે પાચનતંત્રમાં કોઇ જગ્યાએથી લોહી વહે છે. જે અન્નનળીથી શરૂ કરી હોજરી નાના આંતરડા, મોટા આંતરડા અને મળ માર્ગમાં કોઇ પણ જગ્યાએ હોઇ શકે. લોહી નીકળવુંએ રોગ નથી પરંતુ અંદરના કોઇ રોગ નું લક્ષણ છે કારણ દરેક દર્દીમાં ગંભીર હોય તેવું જરૂરી નથી પરંતુ તે કયાંથી આવે છે તે જગ્યા શોધવી પણ અગત્ય નું છે. લોહી નીકળવાની પ્રકિયા નવા રોગની શરૂઆત પણ હોઇ અથવા જુના રોગના લક્ષણ હોઇ શકે.

**કારણો :**

૧. પાચનતંત્રનાં ભાગમાં લોહીનીકળવાનું સૌથી વધારે જોવા મળતુ કારણ મસા (piles) છે,અને (Fissure) છે
૨. અન્નનળી નો સોજો , (Esophagitis), ચાંદા (Esophesal Ulcer)
૩. અન્નનળી માં લોહી ની નસો ફુલી જવી (valices)
૪. અન્નનળીનું કેન્સર (Ca Esophaus)
૫. GERD(ગર્ડ)
૬. અન્નનળીના નિચેના ભાગમાં ચીરાઓ પડી જવા.
૭. લીવરની બિમારી જેમ કે સીરોસીસ...
૮. હોજરીમાં સોજો આવવો, ચાંદા પડવા......
૯. હોજરીનું કેન્સર
૧૦. આંતરડાનાં ઇન્ફેકશન
૧૧. અલ્સરેટીવ કોલાઇટીસ
૧૨. ક્રોન્સ ડીસીઝ
૧૩. ડાઇવર્ટીકયુલોસીસ (મોટા આંતરડા કે નાના આંતરડા માં થેલી જેવો ભાગ થવો)
૧૪. પાચનતંત્રના માર્ગમાં કોઇ પણ જગ્યાએ વધારાની નસો ફુલી જવી ......
૧૪. મોટુ આંતરડુ નીચું આવી જવું

તમારા નજીકનાં ડોકટરની અથવા હોસ્પીટલની તુરતજ સારવાર લેવી જો આપને....

– મળમાં એકદમ લાલ લોહી આવે અથવા મળ એકદમ કાળુ આવે

– ઉલ્ટીમાં લાલ લોહી આવે અથવા કાળી અથવા કોફી ઉલ્ટી થવી

– પેટમાં અતિશય દુઃખાવો ઉપડવો.

– ચકકર આવે, અથવા અંધારા આવે, શ્વસન વધી જવું

– હદયના ધબકારા વધી જવા, મુત્ર ક્રિયા ઓછી થઇ જાય.

– હાથપગ ઠંડા પડી જવા , શરીર ફીકુ પડી જાય.

**ઘરે થઇ શકતા ઉપચાર :**

આ ઉપચાર ઇમરજન્સીમાં નહી પરંતુ તેને અટાકાવા મદદરૂપ થઇ શકે છે.

– રેસાવાળા ખોરાક લેવો અને પાણી વધારે પીવું જેથી મળ ગઠ્ઠાય ન જાય.

– દારૂ, સીગારેટ, તમાકુ, બીડી, જેવા વ્યસનનો બંધ કરો.

– સીગારેટ અથવા બીડી પીતા વ્યકિતઓથી દુર રહો જે તકને પેસીવ સ્મોકીંગ થી નુકશાન કરે છે.

– કોફી કોફીન ઓછુ લેવું.

– ડોકટરી સલાહ વિના દુઃખાવાની લવાઓ ન લેવી

– ફ્રુટસ અને લીલા શાકભાજી આહારમાં વધારે લો.

**નિદાન અને સારવાર :**

– પાચનતંત્રમાં થતું બ્લડીંગ કયારેક જીવલેણ થઇ શકે છે.

– એન્ડોસ્કોપીથી અન્નનળી , હોજરી, નાના આંતરડાની તપાસ કરવામાં આવે છે. જેનાથી રોગ નું નિદાન તથા જરૂરી સાવાર પણ થઇ શકે છે.

– કોલોનીસ્કોપીથી મોટા આંતરડાની તપાસ કરી અને નિદાન તથા સારવાર થઇ શકે છે.

– આ ઉપરાંત સોનોગ્રાફી, સીટીસ્કેન, સીટી એન્જીયોગ્રાફી પણ મદદરૂપથી શકે છે.

– જરૂર પડે કેપ્સુલ એન્ડોસ્કોપી અથવા એન્ટેરોસ્કોપીની મદદ લઇ શકાઇ

– ન્યુકલીઓટાઇડ સ્કેનીંગ પણ આ પ્રકારનાં રોગો માં મદદરૂપ છે.

– ઇમરજન્સી માં દર્દીને હોસ્પિટલમાં દાખલ કરી લોહી ચડાવવું પડે

– લોહી બંધ થાય તેવા ઇંજેકશન આપવામાં આવે.

– દર્દીનું બી.પી. સરખુ રહે તેવા પ્રયત્ન કરવામાં આવે છે.

– આ દરમિયાન લોહી નિકળવાનું કારણ શોધી યોગ્ય સારવાર કરવામાં આવે છે.

# હું સુખી, મારા થકી.......

ડૉ. આર. સી. કુંમર

શહેરનાં નગરશેઠે ભવ્ય ભોજન - સમારંભ ગોઠવેલો, લગ્ન જીવનની સીલ્વર-જયુબેલી ૨૫મી વર્ષગાંઠ ઉજવવાની નેમ હતી. દેશ-પરદેશથી વિવિધ ક્ષેત્રનાં સગાં-સબંધીને આમંત્રિત કરેલા. રંગ-બેરંગી રોશની, સમધુર સંગીતથી સમારંભ શરૂ થયો મહેમાનો ઓળખાણ-પરિચય, ખાણીપીણીમાં વ્યસ્ત હતા. યજમાન દંપતિ અતિથિઓનાં આવકાર અને સમારંભમાં રોકાયેલા હતા. પત્રકારો હાથમાં કલમ કે માઇક પકડીને વી.આઇ.પી. મહેમાનોનાં ઇન્ટરવ્યુ લેવામાં દોડધામ કરતા ચહલ પહલ મોજ-મસ્તી, ઉલ્લાસ અને ચહલ પહલ ભર્યો માહોલ હતો.

એવામાં એક પત્રકાર યજમાન-પત્નિની બાજુમાં આવીને માઇકનું ઉંબાડીયું લંબાવીને એક સવાલ પુછી નાખે છે. મેડમ આટલા વર્ષોથી આપ બંને સંગાથે રહો છો. આપના પતિદેવથી આપ સુખી છો ખરા?

અચાનક આવો અઘટિત સવાલ સાંભળીને આસપાસનાં મહેમાનો સ્તબ્ધ થઇ ગયા, થીજી ગયા, આવા શુભ અવસરે આવો શૂળ ભોંકતો સવાલ? મેડમ શું જવાબ આપે છે.એ સાંભળવા માટે સૌ આતુરતાથી યજમાન પત્નિની નજીક એકઠા થવા લાગ્યા. અરે,ખુદ પતિદેવ પણ સરકીને પડખે પહોંચી ગયા

સહેજ પણ સંકોચ કે ક્ષોભ વિના ,જરાક હસી ને યજમાન શ્રીમતી જવાબ આપે છે : પત્રકાર મહોદય, સૌ પ્રથમ તો આપના સવાલ બદલ સખેદ ધન્યવાદ. સખેદ એટલા માટે કે કોઇના ખાનગી જીવન વિષે જાહેરમાં પુછપરછ વાજબી ન ગણાય. વિવેકભંગ કહેવાય.અને ધન્યવાદ એટલા માટે કે આપના સવાલનો જવાબ માત્ર મને નહીં, પરંતુ અત્રે ઉપસ્થિત દરેક વ્યકિતને લાગુ પડે છે. તો સાંભળો મારો જવાબ.મારા પતિ ખુબજ પ્રેમાળ વ્યકિત છે, મારી ખરી કાળજી રાખે છે. મારી દરેક માગણીને પુરી કરેછે. મને ખુશ રાખવા હંમેશા તત્પર રહે છે. સંપતિ બેસુમાર છે. સગા સબંધીઓનો સહકાર છે. સમાજમાં ઉંચેરું સ્થાન છે.સંસારનાં સર્વ સુખ હાજર છે. જિંદગીમાં કોઇ ફરિયાદ કે ફીકર નથી. છતાં પણ.......મારા પતિદેવની માફી માગીને, તેની હાજરીમાં જ કહી દઉં કે હું મારા પતિદેવથી સહેજ પણ સુખી નથી.

અંગત સવાલનો આવો જાહેર જવાબ સાંભળીને સૌ દંગ રહી જાય છે. સમારંભમાં સન્નાટો છવાઇ જાય છે. પતિની હાજરીમાં અને મહેમાનોની મોજુદગીમાં આવો બિનધાસ્ત જવાબ ? પતિ-પત્નિ વચ્ચે મન દું:ખ હોય, અણબનાવ હોય તો પણ કોઇ પતિ પત્નિ છડેચોક આવી જાહેરાત તો ન જ કરે. પ્રેમાળ પતિ માટે આવો અભિપ્રાય? આને કેવી પત્નિ ગણવી? બધી જ રીતે ખુશી છતાં પતિદેવની બાદબાકી ?

વાતનો દોર પકડીને યજમાન - પત્નિ ઉમેરે છે, મારા જવાબથી ચોકીં જવાની કે ચકીત થવાની જરૂર નથી .હજુ મારી વાત અધુરી છે. અધુરી વાતે અભિપ્રાય બાંધી લેશો તો ખોટા પડશો .પેલા વાત પુરી થવા દો

મારૂ સુખ મારી અંગત બાબત છે. (Personal matter) મારૂ સુખ મારી મે અર્જિત કરેલી મારી આપીકી કમાણી છે.મે (Personal Achievement) એકઠી કરેલી મારી પોતીકી મીલકત છે, (Personal Asset) મારૂ સુખ મારા સ્વામી સંપતિ - સતા- સંતાન -સગા-સંબંધી સમાજ કે સંસારની કોઇ વસ્તુનું મોહતાજ નથી. કાલે ઉઠીને ઉપરના એક અથવા બધાં જ ઘટકો (ऋफभज्ञिंति)મારા જીવનમાંથી નેસ્ત નાબુદ થઇ જશે, તો પણ મારા સુખમાં લેશમાત્ર ઘટાડો કે ઓછપ નહીં વર્તાય. એ બધાજ ઘટકો ભૌતીક, ક્ષણિક અને નાંશવંત છે. મારૂ સુખએ મારી કાયમી દોલત છે. એ કોઇના આધારે કે આભારે નથી ટકી .એના પર કોઇનો હક - હિસ્સો - વારસો કે ભાગીદારી નથી. મારૂ સુખ મેં ઉજરેલી મારા મન ખેતરની મોલાત છે. મારા અભીગમની અમીરાત છે. મે જાતે જ કેળવેલી મેળવેલી અને જાળવેલી જણસ છે. આપણું મનો વલણ જ આપણા સુખ દુ:ખ નું એક માત્ર કારણ છે. હું સુખી છુ માત્ર અને માત્ર મારા થકી .

દરેકના જીવનને સ્પર્શતો સુખ નામનાં પદાર્થ ઉજાગર કરતો આવો સંદર ખુલાશો સાંભળીને સૌએ તાલીઓનાં ગડગડાટથી મેડમની વાત વધાવી લીધી. સવાલનું સમાધાન થઇ ગયું. ચાલો એક સવાલ હું પણ પુછી નાખું કે આ ખુલાશા પર ખુશ થઇને સૌથી વહેલી અને સૌથી વધારે તાલી કોણે પાડી હશે?

શ્રી કૃષ્ણે ભગવદ્ ગીતામાં મન-મહારાજનો મહીમાં ગાતો ,એક શ્લોક અર્જુનને સંભળાવેલો ....

**मन एव मनुष्युणां कारणं बंध-मोक्षेयो:।**

અને ઉપર કહેલી ઘટના એટલે ગીતાનાં સંસ્કૃત શ્લોકનો ગુજરાતીમાં તરજુમો, યજમાન -પત્નિનાં મુખેથી રજુ થયેલો અનુવાદ. હું ખુશ છું, માત્ર એક જ કારણથી કે કોઇપણ ભોગે, કોઇપણ હિસાબે, કોઇપણ સ્થળે, કોઇપણ કાળે ખુશ રહેવાનું મે નક્કી કરી લીધું છે.



શિવરાત્રી મેળા દરમ્યાન આયોજીત
ફ્રિ નિદાન કેમ્પ તથા ફ્રિ દવા કેમ્પ



ભાવનાબેન ચિખલીયા ફાઉન્ડેશન દ્વારા આયોજીત
નિદાન કેમ્પનું ઉદઘાટન કરતા પૂ.ભારતીબાપુ



પૂ.ભારતી બાપુ પોતાના હેલ્થનું ચેકઅપ કરાવતા
ડૉ. નવિન કર્ણ સાથે



નિદાન કેમ્પની મુલાકાત લેતા પૂ.કરશનદાસબાપુ
તેમજ શ્રીમતિ ભાવનાબેનને પુષ્પાંજલી અર્પણ



ભાવનાબેન ચિખલીયા ફાઉન્ડેશન દ્વારા આયોજીત સ્પર્ધાત્મક
પરીક્ષાના તાલીમ વર્ગોની પરીક્ષા માટે ઉપસ્થિત પરીક્ષાર્થી



સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગોની પરીક્ષાના મંગલ
પ્રારંભ પ્રસંગે ડૉ. ડી.પી. ચિખલીયા, હરેશ કાવાણી





સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગોની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ તથા સુપરવાઇઝીંગ કરતા નિરીક્ષકો


Postal Reg. No. G-JND/313, Valid Upto Dt.31.122015
RNI Regi.No. : GUJGUJ/2012/46125

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત **ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**

**If Undelivered, Please Return to,**
Trimurti Hospitals, Near New Bus Station, Junagadh
Ph : (0285) 2631731, M. 98252 31731
www.trimurtihospitals.in, E-mail : trimurtihospitals@gmail.com

Book-Post

To, ____________________



જુનાગઢમાં સૌ પ્રથમ (ANM) નર્સિંગ સ્કુલ

# મહાત્મા ગાંધી સ્કુલ ઓફ નર્સિંગ

## ઓકઝીલરી નર્સ મીડવાઇફ (ANM)

(ગુજરાત નર્સિંગ કાઉન્સીલ-અમદાવાદ તથા ઇન્ડીયન નર્સિંગ કાઉન્સીલ-દિલ્હી માન્ય)

• અદ્યતન મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ •

• અદ્યતન નર્સિંગ સ્કુલ •

• અદ્યતન હોસ્ટેલ સુવિધા •

• બી.એસ.સી. નર્સિંગ સ્ટાફ દ્વારા શિક્ષણ •

**સદર કોર્ષમાં પ્રવેશ સંબંધિત જરૂરી માહિતી માગદર્શન માટે સંપર્ક કરો**

ત્રિમૂર્તિ હોસ્પિટલ્સ બિલ્ડીંગ
એસ.ટી. રોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧, મો.૯૮૨૫૫ ૨૯૩૪૫
મો.૯૯૭૪૬ ૫૪૦૧૭